સાલ : ૧૨ / સિલસિલાવાર નંબર : ૧૨૪ / શુમારો : ૪ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રજબુલ અસબ-શાઅબાનુલ કરીમ ૧૪૩૬ / મે-જૂન ૨૦૧૫

યા અલી, યા અલી

"અલી", આ નામ જ તરક્કી, બલંદી, ઊંચાઈ અને અફઝલીયત તરફ ઈશારો કરે છે. ખુદ ખુદાતઆલાનું એક નામ અલી છે. ખુદાના મઝહર, વસીએ પયમ્બર અને હયદરો સફદરનું નામ પણ "અલી" છે. અજબ આ નામની કરામતો છે. અજબ એની બરકતો છે. અજબ એમાં કૂવતો છે. મૌ. અબૂ તાલિબના લખ્તે જિગર હજી આલમે દુનિયામાં પધારા પણ ન હતા તે પહેલા મૌ. અલીના નામ-મકામનો શોહરો-ડંકો રૂહાની આલમમાં ગુંજતો હતો. આપ પૈદા થયા તો જાણે કુદરતની કમાલીયત ઝાહિર થઈ ગઈ, તેની મસ્લેહતો પાર પડી ગઈ. મખ્લૂક વાસ્તે ઝિંદગીનો મક્સદ અયાँ થઈ ગયો. તાજદારે નુબૂવત અને ફખરૂલ અંબિયાની અંગૂઠીના જો આ નફીસ નગીના ન હોત તો કાએનાત ન હોત. જો મૌ. અલી ન હોત તો કાએનાતમાં હયાત અને તેની નજાત ન હોત.

રિવાયતમાં છે કે, જે વક્ત અસદુલ્લાહ મૌ. અલીના માદરે મોહતરમ અસદના શાહઝાદી મૌ. ફાતેમા વફાત થયા તો રહેમતુલ લિલ આલમીને આપના કાકીજી સાહેબાને સિપુર્દે ખાક કીધા, દફનાવા. આપ કબરને નઝદીક બેસા હતા કે આપે નિદા સાંભલી કે, મૌ. ફાતેમાની ગુફતગૂ કબરમાં ફરિશ્તાઓ સાથે થઈ રહી છે. ઘણા સવાલ-જવાબ થયા, પછી જે વક્ત ફરિશ્તાઓએ સવાલ કીધો કે, અય ફાતેમા! તમારા ઈમામ કૌન છે? તો જવાબ આપો કે, જાઅફર. રસૂલુલ્લાહ બાવાજી ફૌરન પુકારી ઉઠા કે, **" જાઅફર નહીં, પણ તમારા દીકરા અલી છે, અલી છે. "** પછી મૌ. ફાતેમાએ વસીએ હક્કનું નામ લીધું અને ફરિશ્તાઓએ બીજા સવાલો મૌકૂફ કરીને આપને રિયાઝુલ જેનાનમાં મકામ ઈનાયત કીધો.

અલીના નામથી મુશ્કિલ જે રદ થઈ,
અલીની આ કરામત પર સનદ થઈ.

તબૂકની લડાઈમાં નબી સાહેબ અલીએ આઅલાને સાથે નહોતા લઈ ગયા અને મદીનામાં જ રહેવાનું ફરમાન કીધું હતું. આ લડાઈમાં ભારે કટોકટી આવી ગઈ અને આપને મૌ. અલીની ઝરૂરત પૈશ આવી. નબી સાહેબે દોઆ ફરમાવી તો બારગાહે ખુદાવંદી માંથી કહેણ આવું કે, અય મોહંમદ! તમેં ફિકર ન કરો, અલીને યાદ કરો, અલીને બોલાવો. નબી સાહેબ ખયાલ કરે છે કે, અલી હમણા યહાँ કઈ તરહથી આવે. એ તો મદીનામાં છે અને આ કશ-મ-કશ તો યહાँ તબૂકમાં ઊભી થઈ છે. નિદાએ ગૈબ આવી કે, ભલેને એમ હોય. આપ અલીને નિદા આપો. હમેં તે નિદાને અલીના કાન પર પહોંચાવી દઈશું. નબી સાહેબે મદીનાની તરફ રૂખ કરીને નિદા કીધી કે, **" નાદે અલીયન યા મઝહરલ અજાઈબ . . . . . " યા અલી, યા અલી, યા અલી. "** ઝિક્ર આવેલી છે કે, તે વક્ત મૌ. અલી મદીનાની એક વાડીમાં મૌ. સલમાનુલ ફારસી સાથે કામ કરી રહ્યા હતા. આપના કાનમાં નબી સાહેબની નિદા આવી પહોંચી. ફૌરન આપે હાથ માંથી કુહાડી ઝમીન પર નાંખી દીધી અને જવાબ દીધો કે, **" યા રસૂલુલ્લાહ, લબ્બૈક. "**

આપના આ કલામ સાંભલીને મૌ. સલમાન અરઝ કરે છે કે, અય અબલ હસન! શું તબૂકની લડાઈથી ફારિગ થઈને નબી સાહેબ મદીનામાં વાપસ પધારી ગયા છે? મૌ. અલી ફિકરમંદ થઈને કહે છે કે, ના. પણ, આપ મને છેક તબૂકથી નિદા કરીને બોલાવી રહ્યા છે. હું હમણા જ જાઉં છું અને આપની મુશ્કિલમાં મદદ કરૂં છું. તમામ કામ છોડીને આપ ઘરે પધારા અને માँ ફાતેમા (અ.સ.) ને વાત કીધી. આપે જલ્દીથી મૌ. અલીને હથિયારોં લાવીને આપા અને સફરનો ઝરૂરી સામાન તૈયાર કરીને શૈરે ખુદાને વદાઅ કીધા. હયદરે કર્રાર ઘોડા પર બેસા અને તેને એડ દઈને આ કલામ પઢા, **" હોँ, તબૂકની લડાઈને હું પોતે જ ફતેહ કરીશ. જે વક્ત કે મને નિદા થઈ છે કે, યા અલી! તે વક્ત હું તરત જ તે વાસ્તે તૈયાર છું. "**

(બકીયાહ પેજ નં. ૨ પર)

દીનનો કમાલ, ઈલ્મને હાસિલ કરવાના સાથે તેના મુજબ અમલ કરવામાં છે.

(પેજ નં. ૧ નું બાકી)

આમ, એક વક્ત અબ્યાત પઢતા પઢતા, દુશ્મનોંને લલકારતા, નબી સાહેબને લબ્બૈક કહેતા, શૈરે ખુદાના ઘોડાએ રફ્તાર પકડી અને ઝમીન લપેટાઈ ગઈ. ખુદાતઆલાએ આપને વાસ્તે તય્યુલ અર્ઝ-ઝમીનને લપેટીને આપને મોઅજિઝતન આંખની એક પલકારમાં જંગે તબૂકના મૈદાનમાં લાવી ઊભા કરી દીધા. આપે આપના ચહેરએ અન્વર પર તે વક્ત નકાબ બાંધેલો હતો. એવી જ હાલતમાં આપ દુશ્મનોં પર વિજલી જેમ તૂટી પડા. હયદરી હુમ્લો એવો બતાવો કે, જે દુશ્મનોં મુસલમાનોંના ઈર્દગિર્દ ઘેરો નાંખીને હુમ્લો કરવાની તૈયારી કરી રહ્યા હતા તેઓને નસાવી દીધા. ભલભલા વિચારમાં પડી ગયા કે, નબીની યારી પર આ કૌન શખ્સ આવેલા છે?

એક ગુલામ પોતાના ધણીને કહે છે કે, માલિક! આ મુજબનો હુમ્લો કોઈ આમ શખ્સ ન કરી શકે. આ તો હયદરી હુમ્લો છે. અલી પધારેલા છે. "બકવાસ ન હાંક", માલિક કહે છે. "શું તુંને ખબર છે કે, અલી તો હમણા મદીનામાં છે. યહાઁ કહાઁથી અને કેવી રીતે આવે? મુમ્કિન નથી, તારી ભૂલ થાય છે." ગુલામ જોશમાં આવીને કહે છે કે, માલિક! ગુસ્તાખી મુઆફ, પણ જો અલી જ હોય, તો આપ મને ઈન્આમમાં શું આપશો? માલિક કહે છે કે, જો તારો કૌલ સાચો હશે તો હું તુંને તરત જ આઝાદ કરી દઈશ. માલિક અને ગુલામ બેવે અલીએ આઅલા પાસે હાઝિર થયા અને અરઝ કીધી કે, "અય સાહેબે શુજાઅત! ઝરા આપના ચહેરા પરથી નકાબ હટાવો કે, જેથી હમારા દિલ પરનો પડદો હટે અને આ ગુલામને આઝાદી નસીબ થાય."

મૌ. અલીએ ફૌરન પોતાનો નકાબ ખોલી નાંખો અને આપનો ચહેરએ અન્વર જોઈને માલિકના મૂંહ માંથી બેસાખ્તા "અલ્લાહો અકબર" નો નાઅરો બલંદ થયો. એક મોટો મજમોઅ આપના નઝદીક ભેગો થઈ ગયો અને આપની હાઝિરીથી તમામ અજબ થયા. આપના ચહેરાના રોઅબથી હર કોઈ હયબતમાં આવી ગયા અને આપની શમશીરના ઝૌરે હર કોઈના માથાં નમાવી દીધા. તે માલિકે ગુલામને અલીએ આઅલાના હાથ પર આઝાદ કરી દીધો. નબી સાહેબ આપના શુજાઅતના પરચાથી ખૂબ ખુશ થયા અને આપના હાથ પર જંગે તબૂક ફતેહ થઈ.

अली का नाम भी नामे खुदा क्या राहते जाँ है, असाअे पीर है, तैगे जवाँ है, हिर्ज़े तिइलां है.

કેમ ન હોય કે, આલમે અન્વારમાં-રૂહાની આલમમાં અને આલમે અજસામમાં-જિસ્માની આલમમાં મલાએકત-ફરિશ્તાઓ, ઈન્સાનો અને જિન્નાતો તમામને અલીથી યારી મિલેલી છે. હર દૌરમાં, હર કૌરમાં, હર કૌમમાં, અદના-આઅલા તમામમાં યા અલી, યા અલીની પુકાર રહેલી છે અને તા-હશ્ર આ જ નામની બરકતો રહેમતથી તમામની મુશ્કિલો આસાન થાતી રહેવાની છે.

खुरशीद तेरे नूर का ज़र्रा है या अली, दरिया तेरे कुयूज़ का कतरा है या अली,
हर जान तेरे लुत्फ से ज़िंदा है या अली, हर शय में तेरे नूर का जल्वा है या अली,
मुश्किल में तुं हर एक का सहारा है या अली, दोनों जहाँ में तेरा भरोसा है या अली. ✯


(પેજ નં. ૪ નું બાકી)

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નબી બના તે બાદ ૧૨ માં વરસે ખુદાતઆલાએ આપને તમામ અંબિયાના સરદાર બનાવીને મેઅરાજે રૂહાનીથી ખાસ કીધા. કાઅબતુલ્લાહથી બયતુલ મુકદ્દસ અને ત્યાંથી અફ્લાકનો સફર આપે તય કીધો, કુરસીએ મુનવ્વર તક પહોંચા, દસ્તે પાકથી આપના દિલને સુકૂન પહોંચું અને **આપને ગુનાહગારોંની શફાઅત કરનાર અને જહાનવાલા વાસ્તે રહેમતનો લકબ ઈનાયત થયો.** જે રાતે આ વાકેઓ બનો તે રાતને અપને લયલતુલ ઈસરાએ વલ મેઅરાજના નામથી શનાખ્ત કરીએ છીએ. આ મૌકાની બરકાતને હાસિલ કરવા ૨૭ મી રજબના દિન મુમેનીન સાથે નૌનિહાલોં પણ ખૂબ હોંશથી રોઝા રાખે છે. આ રોઝું સવા લાખ મોતીઓના રોઝાના નામથી મશ્હૂર છે. પોતાના વાલેદૈન, રિશ્તેદારોં અને પડોશીઓ પાસેથી ઈન્આમો ઈકરામની ઉમ્મીદ રાખીને નૌનિહાલોં આ દિનનું રોઝું રાખે છે.

આટલા બધા અજાઈબાતથી ભરેલો આ મહીનો જો કોઈને નસીબ થાય, તો તે કેટલો બદકિસ્મત કહેવાય કે તેની બરકતોંથી પોતે મહેરૂમ અને ગાફિલ રહે! સાહેબે દાઅવત હર સાલ પોતાના પહેલી રાતના બયાનમાં આ મહીનામાં નફ્સાની જેહાદ કરવાની રગબત મુમેનીનને અપાવે છે. ઝરૂર, રજબ અજબ છે જે રબના ગઝબને દૂર કરે છે. ✯

કુરઆને કરીમનો કમાલ, અહલુલ બૈત (અ.સ.) ની મહબ્બત રાખવામાં છે.

લફ્ઝી કશ-મ-કશ



❋ **ઉભી તરકીબ :**

૧) જે નબી વાસ્તે ખુદાતઆલાએ તૂર પહાડ પર તજલ્લી બતાવી. (૨)

૨) હર મહીને ચાઁદ જે વક્ત આસ્માનમાં પૈદા થાય છે તો તેને _____ કહે છે. (૩)

૩) દાઅવતનું ગુલિસ્તાન દાઈની હિદાયતના ફૂલોંથી પુર _____ માં રહે છે. (૩)

૭) હક્કના સાહેબ વાસ્તે દિલમાં _____ રાખનારની કોઈ પણ તરહની ઈબાદતને ખુદા કુબૂલ કરતો નથી. (૨)

❋ **આડી તરકીબ :**

૨) જે શખ્સને યૌમે કેયામત _____ -કિતાબનો ખૌફ હશે તે ગુનાહ નહીં કરે. (૩)

૪) મોહબ્બત, ઉલ્ફત. (૨)


૫) ચોરી કરવી, તે _____ ની મોટામાં મોટી આફત છે. (૨)

૬) કલામ એવા સાચા અને મઝબૂત કહો કે જેમ પત્થર પર _____ હોય છે. (૩)

૦ સહીહ જવાબ આપનાર : મઝહરઅલી મોહંમદઅલી ફોટોગ્રાફર

૦ અલ-હાજ્જ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.

ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-



નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

ઝરૂરી એલાન

ધોરણ ૧ થી ૩	:	૯૦% યા તેનાથી વધુ
ધોરણ ૪ થી ૭	:	૮૦% યા તેનાથી વધુ
ધોરણ ૮,૯ અને ૧૧	:	૭૫% યા તેનાથી વધુ

કોઈ પણ Medium યા discipline માં ઝૈરે તાઅલીમ મુમેનીનના હોનહાર ફહીમ ફરઝંદો-દુખ્તરોના આ સાલ final examination માં ઉપર આપેલી માહિતી મુજબ Grade યા Marks આવા હોય એ તમામ વાલેદૈનથી હમારી ગુઝારિશ છે કે, શાઅબાનુલ કરીમ મહીનાની ૧ થી ૧૦ તારીખ દરમિયાન પોતાના દીકરા-દીકરીનો નૂરાની લિબાસમાં પાસપોર્ટ સાઈઝ ફોટો અને Marksheet ની Xerox ૫૦/-રૂા. ના હદીયા સાથે Alavi Community Centre, બદરી મોહલ્લા મુકામે સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન જમા કરાવી જાય. ઈન્શાઅલ્લાહ મિશ્કાતુલ હાદીના શહરૂલ્લાહના શુમારા સાથે અપની વેબસાઈટ www.alavibohra.org પર Standardwise ફોટો શાયેઅ કરવામાં આવશે. SSC, HSC અને કોલેજના સ્ટૂડન્ટસ વાસ્તે આવતા શુમારામાં ઝાહેરાત કરવામાં આવશે.

અપની કૌમી વેબસાઈટ પર ઘણા વક્તથી **"Shining Star"** નું કોલમ ચાલુ છે. Academic Qualification સિવાય પણ અપની જમાઅતના હોનહાર students, Extra-Curricular Activities યા કોઈ Specialized Course માં ગૈરમાઅમૂલી કામિયાબી હાસિલ કરતા હોય છે. આ અખ્બાર કે વેબસાઈટ એવા તમામ students ની હૌંસલા-અફઝાઈ વાસ્તે તેમના Achievement ની ઝિક્રે ખૈર કરવાનો ઈરાદો રાખે છે. લેહાઝા, પૂરી details સાથે ઉપર મઝકૂર જગા પર આવી નામ દરજ કરાવી જાય યા તેઓ હમને email પર contact કરી શકે છે. **Email** : al_haadi@alavibohra.org. ✯

શરીઅતનો કમાલ ઈમામે હક્કની પૈરવી કરવામાં છે.

રજબ જે છે અજબ, રદ કરે છે રબનો ગઝબ

રજબુલ અસબનો મહીનો હિજરી સાલનો સાતમો મહીનો છે. દીને ઈસ્લામના સાત પાયા છે જેમાં આખિરી પાયો વલાયતનો છે અને તે મૌલાએ મુત્તકેયાન, ઈમામુલ ઈન્સે વલ જાન મૌલાના અલી (અ.સ.) સાથે વાબિસ્તગી અને તઅલ્લુક રાખે છે. જેમ ૭ અય્યામનો એક હફ્તો થાય છે અને સાતમા યૌમ પછી બીજા હફ્તાનો દૌર શુરૂ થાય છે, તેમ મૌ. આદમ (અ.સ.) થી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક ૬ અંબિયા-નોતકાના ૬ અય્યામ અને ૭ મો યૌમ તે મૌ. કાઈમુલ કેયામહનો યૌમ જેની શાન અને બરકાત મૌ. અલી (અ.સ.) માં છે કે, આપ મૌ. કાઈમની જગા પર સાતમા છે. કેયામત બાદ દોબારહ બીજો દૌર શુરૂ થાશે અને ખુદા પોતાના દીન અને તખ્લીકનો નિઝામ અઝ-સરે-નૌ કરશે.

રજબની શાનાત અજબ છે જેને અપને અસબ કહીએ છીએ. **"અસબ"** નો લફ્ઝ આમ તૌર પર એવા વાદલ વાસ્તે ઈસ્તેમાલ થાય છે કે, જે તરત જ વરસી જાય. આ નામને અપને રજબ મહીના સાથે બિલકુલ સહી જોડીએ છીએ, કેમકે પૂરા ૩૦ અય્યામ મુમેનીન-મુમેનાત નાફેલતના રોઝા રાખીને, ઈબાદતો કરીને, મસ્જિદોંને આબાદ કરીને, તિલાવતે કુરઆન કરીને, દોઆતે અકરમીન (આ.કુ.) ની મજલિસો ઝિકરામાં શામિલ થઈને દિનરાત સાતે આસ્માનોં પરથી ખુદાતઆલાની રહેમતોં અને નવાઝિશોની મુબારક બારિશથી ફૈઝ હાસિલ કરે છે. બારિશની મૌસમમાં અપને જોઈએ છીએ કે એક વાદલ આવીને વરસે, ખલ્કને ફાયદો પહોંચાડે કે તરત તેના પાછલ બીજું વાદલ વરસાદ વરસાવવા તૈયાર હોય કે જેથી હર લમ્હા બારિશનો અસર જમીન પર નુમાયા રહે. **રજબનો નૂરાની નિઝામ પણ આ શિક્લ પર બનેલો છે.** કોઈ વક્ત પર તેની બરકતોં રૂકતી નથી, એક મૌકો પૂરો થાય છે કે તરત બીજો મૌકો મુમેનીનના દિલોંની લીલી-તાઝા ઝમીન પર તેનો ફૈઝ બખ્શવા તૈયાર જ હોય છે. ખુદાની યાદની ભીની-ભીની મહેક સાથે એક દિન બાદ બીજો, એમ પૂરો રજબ મહીનો ગુઝરી જાય છે.

આ મહીનાની શુરૂઆત તે દિનથી થાય છે કે, જેમાં એક મશ્હૂર તારીખી વાકેઓ બનો. પહેલી રજબના દિન ઉલુલ અઝ્મના પહેલા નબી અને બીજા નાતિક મૌ. નૂહ નજીયુલ્લાહ (અ.સ.) પોતાના મુમેનીન સાથે કિશ્તી પર સવાર થયા અને જૂદી પહાડ તક નો સફર ઈબ્તેદા થયો. ખુદાના ફરમાનથી આપે તમામ મુમેનીનને તે દિન રોઝું રાખવાનું કહ્યું. આ રોઝાની બરકતથી આપની તમામ મુશ્કેલાતમાં ખુદાએ આસાની કરી આપી. લેહાઝા, આ દિનનું રોઝું મુમેનીન વાસ્તે ઘણું જ હામિલે સવાબ છે. ૧૩, ૧૪, ૧૫ રજબ અય્યામુલ બીઝ કહેવાય છે, જે નૂર અને રોશનીથી પુર છે. કિબ્લતુલ મુમેનીન મૌલાના અલી (અ.સ.) ની વિલાદત આ દિનોંમાં થઈ કે, **જે એવા નૂરાની ઝાતના સાહેબ છે કે કાઅબતુલ્લાહ આ વાકેઆથી મુનવ્વર થઈ ગયા** અને જે મુમેનીન વાકેઓ અપના પાંચમાં ઈમામ મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ના ઝમાનમાં ઉમ્મે દાઉદ સાથે બનો હતો. ઈમામ આલી મકામે ૧૫ મી તારીખની ઈબાદત, રોઝું, તિલાવતે કુરઆન અને સદકલ્લાહની દોઆની પઢાઈનો અમલ ઉમ્મે દાઉદને બતાવો હતો. આ અમલની તાસીરથી ઉમ્મે દાઉદનો દીકરો કૈદખાના માંથી રિહા થયો હતો. જે મુમેનીન આફત-બલામાં ગિરફ્તાર હોય તો ખુદાતઆલા આ અમલની બરકતથી તેમની મુશ્કિલકુશાઈ કરશે અને યકીનન તેમના દામનને અજરથી ભરી દેશે.આપ મૌલાની માઅરેફત સાથે કાઅબાને રૂખ કરીને ઈબાદત કરે છે તેનું ઝમીર પણ મુનવ્વર થઈ જાય છે.

આ અય્યામ દૌરાન વડોદરામાં જન્નતુલ મુમેનીન કબ્રસ્તાનમાં અને બુસ્તાને બદરીમાં અપના દોઆતે અકરમીન (આ.કુ.) માંથી ઘણાના ઉર્સે મુબારક આવે છે. સાહેબે દાઅવત શબે ઉર્સની મજલિસમાં મુમેનીન દરમિયાન દોઆતના ઝમાનના તારીખી નવાદેરાત પૈશ કરે છે. મૌત, આખેરત, સવાબો અઝાબ, મુમિનના અખ્લાકો હકીકત, ખિદમતે કૌમો મિલ્લતના ગૈરો ફિકર કરવા લાઈક નુક્તાઓ પૈશ કરે છે. જમાઅતના શબાબો-જવાનોને આવી મજલિસમાં આવી અપની તારીખને સાંભલીને યાદ રાખવી ખૂબ ઝરૂરી હોય છે.

૨૭ મી રજબ યૌમે મબ્અસથી મશ્હૂર છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) વરસો તક જબલુન્નૂર પર ગારે હિરામાં તન્હા ઈબાદત અને ખુદાની ઝિક્ર વાસ્તે પધારતા હતા. તે જ જગા પર આપ નબી તરીકે મબ્ઊસ થયા જે વક્ત મૌ. જિબ્રઈલ કુરઆને કરીમની પહેલી આયત લઈને નાઝિલ થયા. આ મુબારક મૌકાને અપને રોઝું રાખીને યાદ કરીએ છીએ.
(બકીયાહ પેજ નં. ૨ પર)

નેઅમતનો કમાલ શુકગુઝારીમાં છે.

દાસ્તાને વિલાદતે ઈમામ આલી મકામ (અ.સ.)

મુમિનોં ઉસ વક્ત કી કહેતા હૂં તુમસે દાસ્તાં,
જબ હુવે પૈદા મદીને મેં ઈમામે દો જહાં.
વો ઈમામે દો જહાં, વો સરવરે દુનિયાઓ દીં,
વો હુસૈન ઇબ્ને અલી, વો સિબ્તે ખત્મુલ મુરસલીં.
મુસ્તફા કો જાન સે-દિલ સે જો પ્યારા યા હુસૈન,
ફાતેમા ઝહરા કી આઁખોં કા જો તારા યા હુસૈન.
જાને હૈદર જો કે થા રૂહે પયમ્બર વો હુસૈન,
તિશનગી પર જિસકે કુરબાં હૌઝે કૌસર વો હુસૈન.
સર-બ-સજદા જિસકે આગે થી શહાદત વો હુસૈન,
ચૂમતી થી જિસકે કદમોં કો શુજાઅત વો હુસૈન.
ઝૈરે ખંજર થા જો મસરૂફે ઇબાદત વો હુસૈન,
મુન્તઝિર થે જિસકી ખાતિર અહલે જન્નત વો હુસૈન.
વો અલી કા લાડલા વો મુસ્તફા કા નૌનિહાલ,
બિન્તે અહમદ કા વો પ્યારા, ઝૌજએ હૈદર કા લાલ.
જિસકી રગરગ મેં રવાં થા ખૂને ગર્મ ઇસ્લામ કા,
જો થા શૈદા ઉમ્મતે ખૈરુલ ઉમમ કે નામ કા.
જિસકે આગે એક-એક મંઝર કયામત-ખેઝ થા,
કરબલા કે ગર્મ સજદોં પર જો સજદા-રેઝ થા.
જબ તવલ્લુદ હો ગયા વો શાહે શાહાને જહાં,
ચહેરએ પુરનૂર સે માઅમૂર થા સારા મકાં.
આ રહી થી અર્શે આઅઝમ સે યે હૂરોં કી સદા,
ફાતેમા ઝહરા મુબારક હો યે બેટા ચાંદ સા.
ચાર હિજરી મેં હુઈ આમદ શહે ઝીશાન કી,
રોઝે જુમ્આ કા ભી થા ઔર પાઁચવી શાઅબાન થી.
અર્ઝ કી આકર કિસીને યે રસૂલે પાક સે,
માલિકે કૌનો મકાં સે સૈયેદે લૌલાક સે.
ફાતેમા ઝહરા કે ઘર પૈદા હુવા હે એક પિસર,
હો મુબારક યે નવાસા સૈયેદે ખૈરુલ બશર.
સુનકે યે મુઝ્દા કિયા શુકરાનએ ખાલિક અદા,
ઔર ઉઠ કર ફાતેમા કે ઘરકી જાનિબ રુખ કિયા.
ફાતેમા કે જબ દરે દૌલત પે પહોંચે મુસ્તફા,
ઘર સે બાહર આયે ઇસ્તિકબાલ કો શૈરે ખુદા.
બંદગી હૈદર ને કી ઔર મુસ્તફા ને કી દોઆ,
ખુશ અલીયે મુરતઝા થે, ખુશ મોહંમદ મુસ્તફા.
આપ ફરમાને લગે રખ્ખા હે ક્યા બચ્ચે કા નામ,
મુસ્કુરા કર બોલે હૈદર યે તો હે હઝરત કા કામ.
આપ કે હોતે હુવે યા સૈયેદે ખૈરુલ અનામ,
કૈસે મુમ્કિન થા કે રખ લેતા મૈં શાહઝાદે કા નામ.
થા ઈરાદા હર્બ રખ્ખૂં નામ યા શાહે જહાં,
આ ગઈ ઉસ વક્ત અસમાં આપ કો લેકર યહાઁ.
લે કે મહે બૂએ ખુદાને આપકો આગોશ મેં,
દી અઝાં ઔર ફિર કહી તકબીર ઝુકકર ગોશ મેં.
મરહબા સદ મરહબા ક્યા શાન થી શબ્બીર કી,
બાદશાહે દો જહાં ને કાન મેં તકબીર કી.
લે કે બચ્ચે કો અભી મસરૂર થે ખૈરુલ અનામ,
આ ગયે જિબ્રીલ ઉસ દમ લેકે ખાલિક કા પયામ.
અર્ઝ કી આ કે અદબ સે હક્કને ભેજા હે સલામ,
ઔર ઇસકે સાથ હી લાયા હૂં ખિદમત મેં પયામ.
થે જનાબે સૈયેદે હારૂન કે દો નૂરે ઐન,
એક થા શબ્બર હસન ઔર એક શબ્બીરો હુસૈન.
ફાતેમા કા હે બડા શબ્બર હસન એક નૂરે ઐન,
ઇસ લીયે છોટે કા રખીયે નામ શબ્બીરો હુસૈન.
હશ્ર તક દુનિયા કરેગી ઇસકે પીછે શોરો શૈન,
રાહે હક્ક મેં જાન દેગા આપકા પ્યારા હુસૈન.
આપકી ઉમ્મત કે હાથોં સે યે મારા જાયેગા,
ઇસકા સર નેઝે પે મેઅરાજે શહાદત પાયેગા.
હો ગયે આઝુર્દા ઇતના સુનકે ખત્મુલ મુરસલીં,
રુખ્સતી દેતે હુવે રુખ્સત હુવે રૂહુલ અમીં.
બાઇસે આઝુર્દગી પૂછા શહે અબરાર સે,
કહે દિયા સબ કુછ નબીને હૈદરે કરરિ સે.
આ ગયે અંદર મકાં કે ફિર વો શૈરે ઝુલ જલાલ,
ફાતેમાને આપકે ચહેરે પે જબ દેખા મલાલ.
અર્ઝ કી આકા તરક્કી પર હમારા બખ્ત હે,
આપ ક્યૂં ગમગીન હૈં યે તો ખુશી કા વક્ત હે.
મુશ્કિલેં હલ કરને વાલી વો ખુદા કી ઝાત હે,
આપ ક્યૂં રોતેં હૈં આખિર આજ યે ક્યા બાત હે.
બોલે હૈદર ફાતેમા તુમ સે સુના ભી જાયેગા?
યે હમારા લાડલા ભી એક દિન શહાદત પાયેગા.
આજ હી મૈંને રસૂલે પાક સે હે યે સુના,
હો ગયે ખામોશ ઇતના કહે કે જબ શૈરે ખુદા.
જબ સુની ખાતૂને જન્નતને અલી સે યે ખબર,
હો ગયે આઁખોં સે જારી અશ્ક ઉનકે સર-બ-સર.
મુસ્તફા કે પાસ આ કર ફાતેમા કહેને લગી,
આપ ભી ગમગીન હૈં, અય રહે મતુલ લિલ આલમીં.
આયે થે ક્યા અર્શે આઅઝમ સે અભી રૂહુલ અમીં,
કહે ગયે ક્યા આપસે અય સરવરે દુનિયાઓ દીં.
આપને ફરમાયા બેટી હે જો તેરા નૂરે ઐન,
ઉસકો ખાલિક ને દિયા હે નામ શબ્બીરો હુસૈન.
દામને હસ્તી સે બાતિલ કો મિટાને કે લિયે,
પરચમે ઇસ્લામ કી અઝમત બઢાને કે લિયે.
શામ કો સુમસાં બયાબાં મેં યે મારા જાયેગા,
શિમ્ર એક-એક બુંદ પાની કે લિયે તરસાયેગા.
દોસ્તોં આગે કહું મૈં ક્યા શહાદત કા બયાં,
ખૂન સે રંગી પડી હે કરબલા કી દાસ્તાં. ☆

વફાદારીનો કમાલ સાચું બોલવામાં છે.

દસ્તે ખુદા, મૌ. અલી (અ.સ.) ની દસ્તગીરી

હર એક જિસ્મને આ દુનિયામાં ઝિંદગી ગુઝારવાને વાસ્તે નફ્સો જાનની ઝરૂરત હોય છે. જેના બગૈર જિસ્મ ખુદથી બાકી રહી શકતું નથી. બાહરથી જિસ્મની તાઝગી અને ખૂબસૂરતી તેમાં વસેલા જાનથી હોય છે. જાનના સથવારાથી જિસ્મ લોગોની નઝરમાં એક શનાખ્તને કાઈમ કરે છે. પણ જો જાન જ એટલો પાકીઝા હોય તો તેના આગલ જિસ્મની ખૂબસૂરતી-જમાલ ફીકો પડી જાય છે. આ નુક્તાની રોશનીમાં જો હમેં સોચીએ તો જિસ્મ કાઅબતુલ્લાહની જગા પર છે અને જાન કાઅબતુલ મુમેનીન મૌ. અલી (અ.સ.) ની જગા પર છે. ૧૩ રજબ ૩૦ આમુલ ફીલની સાલમાં મૌ. ફાતેમા બિન્તે અસદ (રિ.અ.) ના બતને અત્હરથી આપ મૌલાની કાઅબાની આગૌશમાં વિલાદત બા-તહારત થઈ. તેના પહેલા કાઅબા જાન બગૈરની એક ઈમારત હતા પણ ખુદાતઆલાએ આપ મૌલાની તેમાં પૈદાઈશના ઝરીએ એક જાન ફૂંકી. આ વાકેઆના સબબ લોગોની નઝરમાં કાઅબતુલ્લાહની ઈઝઝત અને અઝમત છે. **આપ મુમેનીનના હકીકી કાઅબા છો** અને આપની વિલાદતની જગા કાઅબાના સબબ આજે મહેફૂઝ છે અને યૌમે કેયામત તક મહેફૂઝ રહેશે. હર કોઈ મુસલમાન આપની આ જગાની બરકતથી ફૈઝયાબ થાવા દુનિયાના કોને કોનાથી આવે છે અને આવશે. આપના મોહિબ યા મુખાલિફ પાસે આ જગા પર આવવા સિવાય કોઈ ચારો નથી જ્યાં એ તવાફ દે છે, મહેનત-મશક્કત કરીને ગુનાહોંની બખ્શિશ વાસ્તે દોઆ કરે છે અને આ જગાની પાકીઝગીનો ઈકરાર કરે છે, માઅરેફત રાખે છે.

હમેં યહાઁ પર આપ મૌલાની મુશ્કિલકુશાઈનો એક નાયાબ અને દિલચસ્પ કિસ્સો પૈશ કરીએ છીએ. એક ગરીબ મુમિન કાઅબતુલ્લાહના હરમમાં આવા અને તવાફ દેવા લાગા. તવાફ દૌરાન ખૂબ આહોઝારી કીધી અને આખિરમાં જે વક્ત હજરે અસ્વદને કરીબ પહોંચા તો દોઆ કરવા લાગા કે, **"અય કાઅબાના રબ! મૌ. અલીના વાસ્તાથી મારી બેહાલી, તંગી અને ગરીબીને દૂર કરો. જે કઈ ગુનાહોં મેં કીધા હોય તેના પર શરમિંદા થઈને મેં તૌબા કરૂં છું."** ત્રણ અય્યામ તક આ જ મુજબ ઘણા ઈખ્લાસથી ખુદાની બારગાહમાં કાઅબાનો પડદો પકડીને એ મુમિન દોઆ કરતા રહ્યા. તીસરે દિન કાઅબાના નઝદીક એ પોતાનું માથું પોતાની આગૌશમાં નાંખીને બેસા હતા કે, એની હૈરતની કોઈ ઈન્તેહા ન રહી. સાંભલે છે શું કે, એને એક નિદા કહી રહી છે કે, **"અય મુમિન! તમારો હાથ દરાઝ કરો."**

માથું ઊંચું કરીને જોયું તો કાઅબાના પડદા માંથી એક નૂરાની હાથ નિકલો અને મુમિને એના હાથને દરાઝ કીધો. જોઈ છે શું કે એનો હાથ લાઅલો ગોહર અને મોતીઓથી ભરાઈ ગયો છે અને એક પલભરમાં તે નૂરાની હાથ ગાઈબ થઈ ગયો. પોતાના હાથમાં નફીસ ખઝાનો જોઈને મુમિન ફરહતમંદ થઈને પોતાના વતન તરફ ચાલા ગયા. ઘર પહોંચા બાદ જે કઈ પોતાના સાથે હરમમાં બનું હતું તે સઘલી ચીઝ પોતાના બૈરોને કહી સંભલાવી. બૈરો ખૂબ આહો બુકા કરવા લાગા અને પોતાના શૌહર મુમિનભાઈને યાદ અપાવું કે, "અય મારા ખાવંદ! શું તમને ખબર નથી કે, હમારા મૌલા અલીના ઘરમાં તો ફાકા હોય છે. અહલુલ બૈત (અ.સ.) ઘણા વક્ત અનાજના દાનાથી મહેરૂમ હોય છે. **આ લાઅલો ગોહરની ઝિયાદહ ઝરૂરત તો મૌલા અલીના ઘરવાલાને છે."**

બૈરોની આ તરહ આજિઝીથી મુમિન ઘરથી પોતાના સાથે ચંદ મોતીઓ લઈને નિકલા અને નિય્યત કરી કે, મૌલાની હઝરતમાં અને ખિદમતમાં તે મોતીઓને નઝર કરે. ઘરથી નિકલીને સીધા મસ્જિદે કૂફામાં પહોંચા. જોયું કે મૌલા અલીની માનિન્દ સેંકડોં અલી નઝર આવી રહ્યા છે. **જ્યાં નઝર ફિરાવે છે ત્યાં અલી જ અલી દેખાય છે.** મુમિન હૈરાન થઈ ગયા કે, તે મોતીઓ કોને આપે. એવામાં એની નઝર કિબ્લામાં પડી અને જોયું કે ત્યાં પણ મૌલા અલી બેસેલા છે. તો તસ્બીહ પઢતા-પઢતા મૌલાને પાસે જઈને બેસી ગયા. આપ મૌલાએ નઝર ઉઠાવી અને તે મુમિનને જોયા અને કહ્યું કે, અય ભાઈ! તમેં મારા વાસ્તે ગોહર-મોતી લાવા છો, તે ક્યા છે? મુમિને પૂછું કે, મૌલા! આપને આનું ઈલ્મ કઈ તરહ થયું? આપે ફરમાવું કે, અય મુમિન! તમેં યાદ કરો કે જે હાથ કાઅબાના પડદા માંથી નિકલેલો અને તમને ગોહર આપેલા, તે હાથને તમેં પહેચાનો છો? મુમિને જવાબ આપો કે, "હાઁ, મૌલા! તે હાથને મેં કઈ તરહ ભુલી શકું છું. ખુદાના ઘરથી નિકલેલો તે

(બકીયાહ પેજ નં. ૯૫૨)

નમાઝનો કમાલ નિય્યતના સાથે અરકાનની અદાયેગીમાં છે.

તિજારત

સોફીયા જે. વ્હોરા

સોફીઝ ડીઝાઇનર

ડીઝાઇનર સલવાર કમીઝ,
સાડી, રીદા, ડ્રેસ મટીરીયલ્સ
અને શાદીની જોડીઓ બનાવનાર

સરનામું : લાઈફ લાઈન ક્લીનીક, ૨૭૦ - રામપાર્ક,
આશીયાના એપાર્ટમેન્ટ પાછળ, આજવા રોડ, વડોદરા-૧૯.

સંપર્ક કરો : ૯૯૯૮૪૧૩૫૫૬
(સોમવાર થી શુક્રવાર ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા)

Best Wishes



Sister **Zainab Hamiduddin Bhaisaheb** achieved a notable distinction by getting a Gold Medal in the post graduation of LLB (Faculty of Law, MSU, Baroda) on 6/2/2015.

She has made us feel proud as this achievement is the first of its kind in our jamaa'at. We congratulate her and hope for the best for her career in Judiciary. ✯

દાઅવત

ક્યૂં કર ન દિલ સે હમ કરેં ખિદમત હુસૈન કી,
હર વક્ત કામ આયેગી ઉલ્ફત હુસૈન કી,
હે આજ ભી યે હમ પે ઇનાયત હુસૈન કી,
દાઈ હુસૈન કા હે યે દાઅવત હુસૈન કી,
અલ્વી કી ઇલ્તેજા હે, દોઆ યે કુબૂલ કર,
તૈયેબ ઝિયાઉદ્દીન કી તું ઉમ્ર તૂલ કર. ✯

અંજુમન

યે અંજુમન હે શેહ કી ઈનાયત કી અંજુમન,
અપની યે અંજુમન હે સદાકત કી અંજુમન,
આપસ મેં ઈત્તેફાકો મોહબ્બત કી અંજુમન,
તાઅત કી અંજુમન હે ઈતાઅત કી અંજુમન.
અલ્લાહ કા કરમ હે, નવાઝિશ હે, દૈન હે,
ઈસ અંજુમન મેં જો હે, ફિદાએ હુસૈન હે. ✯

ãÈ ' ÓÈ

યા અલી મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

ભાઇસાહેબ ઇબ્રાહીમ

સરનામું : વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.

સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live Web Designing + Hosting
PGDCA Certificate Course (1 Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.

કલામનું ઝોર આવાઝમાં નહીં પણ અલ્ફાઝમાં છુપાયેલું હોય છે.

મકાન વેચવાનું છે

નામ : **ઈસ્માઈલભાઈ બદરૂદ્દીન સોરંગવાલા**
એડ્રેસ : સોરંગવાલા બિલ્ડીંગ, મરકઝે હુસૈની હોલની સામે,
બદરી મોહલ્લા, વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭.
ફોન : ૯૪૨૯૩૧૩૩૨૮. ✯

ઈન્સાનનો કમાલ અક્લના તરાઝૂમાં તમામ ચીઝને મુકીને ખૈરનો રસ્તો ઈખ્તિયાર કરવામાં છે.

નસીહતનો કમાલ ખુદને અને ખુદના માહૌલને સુધારવામાં છે.

આઅમાલનો કમાલ દાઈએ હક્કની રઝામાં છે.

દરસે લેસાને દાઅવત

روح

الله تعالى پوتاني روح سي مؤمن نے تأئيد بخشے چھے، مدد كرے چھے۔ اُ روح رباني فرشته نا ذريعة سي مؤمن نا قلب پر اثر قائم كرے چھے۔ جه وقت مؤمن كوئي خير كام ني نية كرے چھے يا تهنے كري گذرے چھے ته وقت اُ روح مؤمن پر حاضر تهائي چھے۔ امنا اُ كام سي خوش تهئي چھے۔ جه وقت مؤمن كوئي گناه كرے چھے يا گناه كرواما بيجا نے مدد كرے چھے تو روح امنا سي غائب تهئي جائي چھے انے الگ رهينے ته مؤمن واسطے مغفرة چاهينے تسبيح كرے چھے۔

اُ روح الله نا حكم انے خوشي ساتھے جوڑائيلي هوئي چھے۔ جه ساچا مؤمنين سي الله راضي هسے تهؤ الله طرف پلٹينے پاچها جاسے انے الله تهنا محبوب بنداؤ نا زمرة ما ته مؤمنين نے داخل كري ديسے۔ الله تعالى طرفسي اُوناري اُ روح تهنا نبي، وصي، إمام يا داعي ني شكل ما مؤمن پر نازل تهئي چھے۔ كوئي پن مؤمن اُ روح سي خالي رهتو نتهي۔ تأويل ني نظر سي جوئيه تو إمام الزمان ع م مؤمنين واسطے جنة چھے انے اُپني معرفة ته جنة ما جاواني سند چھے۔ إمام طرف جاوا واسطے ايک باب هوئي چھے۔ اُ باب۔دروازه مؤمن واسطے رضوان چھے۔ رضوان تک ته پهنچي سكے چھے جه پوتانا خير كام سي الله تعالى نے راضي كرتو هوئي۔ جه شخص نے الله تعالى طرفسي تهني روح ني تأئيد نصيب تهئي يه جنة انے تهنا رضوان طرف پهنچي جائي چھے۔

هر شخص ما روح هوتي نتهي، پن نفس هوئي چھے۔ روح نو وجود ته وقت تهائي چھے جه وقت مؤمن پوتانا إيمان ساتھے عمل نے جوڑے چھے، ظاهر ساتھے باطن نے مانے چھے، دنيا ساتھے أخرة ني تياري كرے چھے، جسماني لباس نے ساتھے پوتاني نفس نے تقوى نو لباس پهراوے چھے۔

૩૯

અલ્લાહતઆલા પોતાની રૂહથી મુમિનને તાઈદ બખ્શે છે, મદદ કરે છે. આ રૂહે રબ્બાની ફરિશ્તાના ઝરીઆથી મુમિનના કલ્બ પર અસર કાઈમ કરે છે. જે વક્ત મુમિન કોઈ ખૈર કામની નિય્યત કરે છે યા તેને કરી ગુઝરે છે તે વક્ત આ રૂહ મુમિન પર હાઝિર થાય છે. એના આ કામથી ખુશ થાય છે. જે વક્ત મુમિન કોઈ ગુનાહ કરે છે યા ગુનાહ કરવામાં બીજાને મદદ કરે છે તો રૂહ એનાથી ગાઈબ થઈ જાય છે અને અલગ રહીને એ મુમિન વાસ્તે મગફેરત ચાહીને તસ્બીહ કરે છે.

આ રૂહ અલ્લાહના હુકમ અને ખુશી સાથે જોડાયેલી હોય છે. જે સાચા મુમેનીનથી અલ્લાહ રાઝી હશે તેઓ અલ્લાહ તરફ પલટીને પાછા જાશે અને અલ્લાહ તેના મહેબૂબ બંદાઓના ઝુમ્રામાં તે મુમેનીનને દાખિલ કરી દેશે. અલ્લાહતઆલા

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

પાકીઝગીનો કમાલ ગુસ્લ સાથે વુઝૂ કરવામાં છે.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૮

: હલાલ રોઝી કમાઈને સદકો કરનાર ખુદાનો મુખ્લિસ શુક્રગુઝાર બંદો છે. :

સુલૈમાન નબી ખુદાતઆલાની બારગાહમાં દોઆ ગુઝારે છે કે, "અય રબ્બુલ ઈઝઝત, કાશ કે મને ખબર પડી જાય કે, તારી નઝરમાં મારા કરતા ઝિયાદહ શુક્રગુઝાર બંદો કૌન છે?" ખુદાતઆલાએ ખબર કીધી કે, જે બંદો પોતાના હાથથી કસબ કરીને, મહેનત-મશક્કત કરીને, પસીનો વહાવીને હલાલ રોઝીને કમાઈ અને કોઈ સાઈલને મખ્ફી તૌરથી સદકો કરી દે તે બંદો, અય સુલૈમાન, તમારા કરતા ઝિયાદહ શુક્રગુઝાર છે. સુલૈમાન નબીએ અરઝ કીધી કે, "અય મારા રબ! તું જાણે છે કે મારા નઝદીક એવો કોઈ રસ્તો નથી કે, જેથી હું તારી રોઝીને તલબ કરવા કસ્બે હલાલ કરૂં યા મારી ઝાતને મહેનત-મશક્કતમાં નાંખીને કોઈ તદબીર કરી શકું."

દોઆ પૂરી થઈ કે, ફોરન મૌ. જિબ્રઈલ (અ.સ.) જન્નતની ખજૂરીના પત્તા લઈને આવા અને જે મુજબ હુકમે ખુદાવંદી થયો હતો તેમ તે પત્તાઓથી એક ટોકરી બનાવીને સુલૈમાન નબીને બતાવી. સુલૈમાન નબીએ ખૂબ બહેતર તૌરથી ટોકરી બનાવવાનું હુનર શીખી લીધું. આપ હર બે દિનમાં એક ટોકરી તૈયાર કરતા હતા અને તીસરે દિન જવનું એક રતલ લઈને તેને વહેંચી દેતા હતા. ચોથે દિન તે જવની રોટલી બનાવીને રાતે ઈફ્તાર કરતા હતા. જહાઁ તક, આપની મુલાકાત ખુદાતઆલાથી ન થઈ યાઅની કે આપનો ઈન્તેકાલ ન થયો વહાઁ તક, આપે આ જ મુજબ ઝિંદગી બસર કીધી. ન તો આપે જવ સિવાય કોઈ બીજું અનાજ મૂંહમાં લીધું, ન આપે લીલી-સુખી ચીઝની લઝઝત ઝબાન પર લીધી. આપ બિલકુલ સાદગીથી આ દુનિયાથી ઈન્તેકાલ કરી ગયા.

મુમેનીન-મુખ્લેસીન! હર શખ્સ પોતાની તાકત, સુલાહીયત, નિય્યત અને હૈસીયત મુજબ રોઝીને હાસિલ કરે છે. રોઝી એક વાર હાથમાં આવી જાય છે તો એમ સમઝે છે કે, તેનો માલિક ફક્ત એ જ છે. **મગર રોઝીનો આપનાર તો ખુદાતઆલા છે** અને તેના કબ્ઝામાં છે કે, કોને કેટલી રોઝી આપે અને તે રોઝીને કેટલા દિન તક કોઈના પાસે રાખે. હવે જે શખ્સ પોતાના નઝદીક રોઝીને પાય અને તેમાં બીજા બરાબરના હિસ્સેદાર છે એમ સમઝે અને તે રોઝીને સદકો કરીને બીજાને ફાયદો પહોંચાડવાની કોશિશ કરે, તો તેને રોઝીના મકસદને હાસિલ કરી લીધો અને તે ખુદાના પસંદીદહ બંદામાં શામિલ થઈ ગયો. હલાલ રોઝીમાં ઈન્સાફથી બીજાને તેનો બરાબર હિસ્સો આપવો તે રોઝીમાં બરકત અતા કરે છે અને તેને અછત ન થાવા વાસ્તે ઢાલ બને છે. ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **હમેં તમને પાકીઝા ચીઝો માંથી રોઝી-રિઝક અતા કીધું છે તો તમેં ખુદાની રાહમાં ખર્ચ કરો.** તમારી ઝિંદગીના ગુઝર-બસર કરવા જેટલી રોઝી તમારા નઝદીક હોય અને બાકીની રોઝી ખુદાની રાહમાં મુમેનીનની મદદ વાસ્તે તમેં લગાવી દો તો તમારી દૌલત પછી દૌલત નથી રહેતી પણ ખુદાની અલ્તાફો ઈનાયતના ખઝાના બની જાય છે. ☆

(પેજ નં. ૮ નું બાકી)

દસ્તે ખુદા હર વક્ત મારા કલ્બો નઝરમાં વસેલો છે. **તે નૂરાની હાથની એક આંગલીમાં એક ચમકદાર અંગૂઠી હતી.**"

તે વક્ત મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ પોતાનો જમણો હાથ દરાઝ કીધો. દસ્તે અલી જોઈને મુમિન તઅજ્જુબના દરિયામાં ગરક થઈ ગયા, ચંદ લમહાત તક તો બેઝબાન થઈ ગયા અને પછી અરઝ કરવા લાગા કે, આકા! તે આ જ હાથ હતો જેએ મારા હાથને લાઅલો ગોહરથી ભરી દીધો હતો. **મુમિને આપના હાથને ચૂમી લીધો અને ખૂબ ખુશ થયા.** આપ મૌલાએ ફરમાવું કે, "મારા અહલુલ બૈતના ફાકાને યાદ રાખનાર, અય મુખ્લિસ ભાઈ! મને આ ગોહરની કોઈ હાજત નથી. તમને આ ગોહર ખૂબ કામ લાગશે અને તમારી હાજિતરવાઈ કરશે. હમેં તો ઝમીનો આસ્માનના ખઝાનાઓના માલિક છીએ. મુમિનના ઈખ્લાસના સબબ હમારા ઝરીઆથી ખુદાતઆલા એને દુનિયાના ખઝાનાઓ માંથી થોડું કઈ અતા કરે છે. મગર તમેં યાદ રાખજો કે, અબદી-અઝલી ખઝાનો અને લાઝવાલા દૌલત તમને હમારા પર યકીન રાખવાના સબબ આખેરતમાં નસીબ થાશે."

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

ઈમાનનો કમાલ નિય્યત અને અમલ સાથે હક્કનો ઈકરાર કરવામાં છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૨૭

-::: કેયામતની નિશાનીઓ :::-

રસૂલુલ્લાહ બાવાજીએ આપના ખૂબ કરીબી સાહેબ મૌ. સલમાન (રિ.અ.) ને વહેશતનાક અને હેરતઅંગેઝ કેયામતની નિશાનીઓની ઝિક્ર ફરમાવી. જેમાં આપ બયાન કરે છે કે, બૈરાઓની મક્કારી અને ઝુલ્મમાં લોગો ગિરફ્તાર થાશે. મરદો તેના બૈરોની ગુલામી કરશે અને બૈરો તેના મરદોનો કોઈ એહતેરામ નહીં કરે. મરદોની હાલત બૈરોના હાથ પર હયવાન કરતા પણ બદતર થઈ જાશે. તે ઘરથી બાહર નિકલશે તો મરદોની રઝા બગૈર નિકલશે. ઘરમાં રહીને ઘરને સાચવવા પર નહીં પણ બાઝારમાં લોગો સાથે મિલવા પર અને તઅલ્લુકાત રાખવા પર ફખર કરશે. બેપરદગી, ઉરયાની અને જિસ્મની નુમાઈશ, ઈઝહારે હુસ્નો જમાલ એક આમ વાત હશે. બૈરો હર વાતમાં બેશરમીની હદ પાર કરી ગઈ હશે. જવાન અને બુઝુર્ગ તમામ એક જેવા હશે. **જિસ્મને ઢાંકવા વાસ્તે બૈરો લિબાસ નહીં પહેરે, મગર જિસ્મને ઉરયાન-ખુલ્લું રાખવા વાસ્તે લિબાસ બનાવશે.** સરે આમ બૈરોની ઈફ્ફત, તહારત અને ઈઝઝત ચૂર-ચૂર થાતી દેખાશે અને સરે બાઝાર બૈરો હર તે ચીઝની નુમાઈશ કરતા નઝર આવશે કે, જેના પર નઝર કરવાનો હક્ક ફક્ત તેના મરદોને ખુદાએ બખ્શેલો છે. આ તમામ બેશરમીઓના બાવુજૂદ, મરદો શરમનાક થઈને પોતાની નઝરોને ઝુકાવી દેશે પણ બૈરો ઔર ઝિયાદહ બેશરમ બની જાશે.

દુનિયાવી હુકૂમતને ચલાવનાર હુકમરાન-વઝીરો ફાસિક અને બદકાર બની જાશે. રઈયત-લોગોના માલ-મિલકીયત અને દૌલત પર નાહક્ક કબ્ઝો જમાવશે. ધાક-ધમકી, મારપીટ, ખૂન-ખરાબાથી પોતાની તાકતનો મુઝાહિરો કરશે. માલી અને માદ્દી ફાયદા વાસ્તે લોગો આ ફાસિક અને મક્કાર હાકિમોની હાઁ માં હાઁ મિલાવશે અને આ મુજબ ખૂબ મોટી તાઅદાદમાં લોગો હક્કના દીનને મુકીને દુનિયાના ઐશો આરામમાં ગિરફ્તાર થઈ જાશે. આ ફાસિક હાકિમોના સાથે સાથે ઈલ્મમાં ખયાનત કરનાર આલિમોનો ફિત્નો પણ વધશે. **આ આલિમોએ પઢેલું કઈ હશે અને પઢાવશે કઈ.** તેઓના ઈલ્મ-અમલમાં આસ્માન-ઝમીનનો ફરક હશે. એક-બે કિતાબ વાંચીને પોતાની ઝબાનની ચાલાકીથી મશહૂર થાનાર શખ્સ લોગોમાં આલિમ હોવાનો દાઅવો કરી બેસશે. તે આલિમ જેવી સૂરત અને લિબાસને ઈખ્તેયાર કરીને જાહિલ લોગોને જૂઠી વાતોં કરીને ઠગશે. હકીકી આલિમની પહેચાન રાખનાર ઘણા થોડા મુમેનીન હશે અને ખેયાનત કરનાર આલિમના હાથે હઝારો લોગોનો ગિરોહ હશે. જેમ બનાવટી-નકલી ચીઝની બોલબાલા હોય છે અને અસલ-સાચી ચીઝના પરખનાર કાફી કમ હોય છે, તેમ હર દિન નવા-નવા ઠગબાઝ આલિમો ફૂટી નિકલશે અને હક્કના દામનથી વિલગી રહેનાર પાકા આલિમો મખ્ફી થઈ જાશે.

આ મુજબ ઝુલ્મ કરનાર બેશરમ બૈરો, ઝાલિમ-ફાસિક હુકમરાનોં અને હક્કથી પલટી જાનાર દગાબાઝ આલિમોનો ગલબો, તસલ્લુત અને પકડ લોગો પર વધી જાશે. લોગોની આઁખોના સામે સાચી ચીઝ હશે મગર તેઓ ચાહીને પણ તેના ખિલાફ ન તો કઈ કરી શકશે ન કઈ બોલી શકશે. ✯

(પેજ નં. ૮ નું બાકી)

તરફથી આવનારી આ રૂહ તેના નબી, વસી, ઈમામ યા દાઈની રઝાની શિકલમાં મુમિન પર નાઝિલ થાય છે. કોઈ પણ મુમિન આ રૂહથી ખાલી રહેતો નથી. તાવીલની નઝરથી જોઈએ તો ઈમામુઝઝમાન (અ.સ.) મુમેનીન વાસ્તે જન્નત છે અને આપની માઅરેફત તે જન્નતમાં જાવાની સનદ છે. ઈમામ તરફ જાવા વાસ્તે એક બાબ હોય છે. આ બાબ-દરવાઝા મુમિન વાસ્તે રિઝવાન છે. રિઝવાન તક તે જ પહોંચી શકે છે કે જે પોતાના ખૈર કામથી અલ્લાહતઅલાને રાઝી કરતો હોય. જે શખ્સને અલ્લાહતઆલા તરફથી તેની રૂહની તાઈદ નસીબ થઈ એ જન્નત અને તેના રિઝવાન તરફ પહોંચી જાય છે.

હર શખ્સમાં રૂહ હોતી નથી, પણ નફ્સ હોય છે. રૂહનો વુજૂદ તે વક્ત થાય છે જે વક્ત મુમિન પોતાના ઈમાન સાથે અમલને જોડે છે, ઝાહિર સાથે બાતિનને માને છે, દુનિયા સાથે આખેરતની તૈયારી કરે છે, જિસ્માની લિબાસને સાથે પોતાની નફ્સને તક્વાનો લિબાસ પહેરાવે છે. ✯

નિકાહનો કમાલ સાહેબે હક્કનો ખુત્બો છે.

ગુલ્શને ફિક્હ : શરીઅતનું હલાલ-હરામ

ઈમામત કિસ્ત-૯

રસૂલુલ્લાહ બાવાજી ફરમાવે છે કે, "તમારામાં જે ઝિયાદહ નૂરવાલો હોય તે તમને ઈમામતની નમાઝ પઢાવે." યહાઁ નૂરથી મુરાદ કઈ ચીઝની છે? તે નૂર કે જે કોઈ શખ્સને એ દરજા પર ચઢાવી દે કે બીજા તમામ લોગોને એના તાબેઅ થાવું પડે અને એને પોતાની નમાઝના ઈમામ બનાવવા પડે કે જે તમામ આઅમાલમાં ખૈરૂલ અમલ છે. ખુદાની રઝાથી એના દીનને ચલાવનાર ઈમામ આ ખલ્કમાં આવે છે અને એની જ રઝાથી જે વક્ત એ ઈમામ ગુઝરે છે તો પોતાની જગા પર એક એવા સાહેબને મુકર્રર કરી જાય છે, જે લોગોમાં દીનનો નિઝામ એવી જ તરહ સાચવે જેમ એં પોતે સાચવો. ખુદાના દીનની વાત કરીએ તો તેનો પહેલો રસ્તો નમાઝ છે અને તે રસ્તાને અમ્નો અમાનથી ગુઝારવાને વાસ્તે ઈમામની રઝા ઝરૂરી છે, જે રસ્તા પર રોશની આપવાનું કામ કરે છે.

આ નૂર તે નૂર છે કે જેને ખુદાએ ઝાહિરમાં કુરઆનની શિકલમાં નાઝિલ ફરમાવું અને બાતિનમાં તે કુરઆનને બોલાવનાર ઈમામે હક્કની નૂરાની સૂરતમાં રૂનુમા કીધું. **કુરઆનને પઢનાર અને પઢાવનાર ઈમામે આલે મોહંમદ (સ.અ.વ.વ.) છે.** આ ઈમામમાં ખુદાના નૂરના સબબ કુરઆનનું નૂર બાકી છે. ઈમામે બર-હક્કની રઝાથી મુમેનીનને તિલાવતે કુરઆનની બરકત હાસિલ થાય છે. નમાઝ પણ કુરઆન-ઈમામની રઝાના નૂરનો એક હિસ્સો છે. જે કુરઆન બરાબર પઢે યાઅની ઈમામ યા એના નાઈબની ઈતાઅત બરાબર રાખે અને એ સાહેબની જેના પર નઝર હોય, હુકમ હોય તે ઈમામતની નમાઝ પઢાવી શકે છે. સાહેબે દાઅવત જે વક્ત ઈમામુઝઝમાન (અ.સ.) ની તાઈદથી કોઈને રઝા ઈનાયત ફરમાવે છે, **તે વક્ત ઈમામનું નૂર તે શખ્સમાં દાખિલ થાય છે,** જેના સબબ એ મુમેનીનની જમાઅતને નમાઝ પઢાવે છે. મુમેનીનના હર અમલ પોતાના ઈમામ સાથે નૂરથી જોડાયેલા હોય છે. આ નૂરના સબબ મુમિનના અમલ કે નમાઝ કામિલ થાય છે અને ખુદાતઆલાની બારગાહ તક પહોંચવા વાસ્તે તેની રાહ હમ્વાર થાય છે.

પહેલામાં પહેલા આ નૂરના માલિક અલ-ખમ્સતુલ અત્હાર (અ.સ.) છે. આપથી આ દીને ખુદાવંદી બરકરાર છે. પંજતની નૂરના સબબ ખુદાએ આ ઝમીનો આસ્માન મુનવ્વર કીધું. આપના ઈન્તેકાલ બાદ આપની જગા પર આપના ઈમામ અને દાઈ નૂરના સાહેબ બનીને પધારા, બોલતા અને ઝિંદા કુરઆન તરીકે પધારા અને જે લોગોએ આપની દાઅવતને લબ્બૈક કહીને આપના દરજા, હક્ક અને દીનની માઅરેફત કીધી તેઓ હકીકી નૂરાની મુમેનીન કહેવાયા. મુમેનીનની નમાઝ બીજા લોગો જેવી નમાઝ નથી. જેમ મુમિનની વિલાદત નૂરાની ઈમામને બયઅત આપા બાદ થાય છે, તેમ મુમિનની નમાઝની વિલાદત રઝાના સાહેબ વાસ્તે દિલમાં ખુલૂસથી થાય છે. ☆

પંકચર - Puncture

સાઈકલમાં પંકચર થયું, ઘણું જ નાનું પંકચર. ખુલ્લી આઁખે દેખાય નહીં, તેને પકડવા ડોલના પાણીમાં તલાશ કરવું પડે. પણ બિલાશક પંકચર તો હતું જ. સાઈકલ માંથી બધી હવા નિકલી ગઈ હતી અને તેનું પૈડું પૂરૂં બેસી ગયું હતું. સાઈકલ તો ખૂબ સારી હતી પણ પંકચર જ્યાં તક સાંધી ન લેવાય અને પૈડામાં હવા ન પુરાય ત્યાં સુધી સાઈકલ નકામી જ પડી હતી.

અમલ તો ખૂબ સારો છે. જો હું તે લઈ ઉઠીશ તો બધાને ગમશે અને મારી તાઅરીફ ઝરૂરથી કરશે. અમલ-કામમાં કોઈ ખામી ન રહી જાય તે વાસ્તે મેં કોશિશ તો ખૂબ કરેલી જ છે, જે અમલ સાઈકલ જેવો છે. ખુદા માઅલૂમ કેમ તે અમલ જોઈએ એવો આગલ વધતો નથી કે તેની રફ્તાર પકડાતી નથી. લાગે છે કે, આ મારા અમલની સાઈકલમાં પંકચર તો નથી ને. તેના નિય્યત-રૂપી પૈડામાં એવી જગા પર પંકચર પડું છે કે સાઈકલ-રૂપી અમલની જાણે હવા જ નિકલી ગઈ છે. નિય્યતની હવા નિકલી જાવાના સબબ અમલની સાઈકલ એક જગા પર પડી ધૂલ ખાય છે. **જહાઁ તક પૈડાં દુરૂસ્ત નહીં થાય વહાઁ તક સાઈકલ કેમ ચાલશે!**

મારૂં દિલ પણ સારૂં છે. ઈબાદતમાં બેસેલું છે, તવજ્જોહ સાથે. પણ આજે યકીનમાં પંકચર પડેલું લાગે છે. ઈબાદતમાં દિલ લાગતું જ નથી. દિલ અને દિમાગની જોડી જામતી નથી. ઈબાદત-રૂપી સાઈકલની બધી હવા નિકલી ગઈ છે. તે એક જગા પર બેસી ગઈ છે.

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

તિજારત-વેપારનો કમાલ હલાલ અને ઈન્સાફનો રસ્તો અપનાવવામાં છે.

આયતુન્નજવા – ૧૦ સવાલો

રસૂલુલ્લાહ બાવાજી પર જે વક્ત સૂરતુલ મુજાદેલહની આયતુન્નજવા "યાઅય્યોહલ્લઝીના આમનૂ ઈઝા નાજયતુમુર્રસૂલા ફકદ્દેમૂ બયના યદય નજવાકુમ સદકતન", યાઅની, અય ઈમાનદારોં! જે વક્ત તમેં રસૂલુલ્લાહથી ગુફતગૂ કરો, મખ્ફી વાત કરો તો ઈબ્તેદા કરતા પહેલા સદકો અદા કરો, હદીયતુસ્સલામ-નજવા અરઝ કરો. તે તમારા વાસ્તે ખૈર છે અને પાકીઝગીનો સબબ છે. આ આયતુન્નજવા મૌલાના અલી સાહેબે ઝુલફિકાર (અ.સ.) ને વાસ્તે આઅલા ફઝીલત અને અફઝલ મન્કેબત છે. આપ મૌલા સિવાય આ આયતને મુતાબિક કોઈ પણ અમલ કરી શકું નહીં. નજવાને અરઝ કરવાના હુકમની આ આયત જે વક્ત નાઝિલ થઈ, તો મૌ. અલીએ ફરમાવું કે, "તે વક્ત મારા પાસે એક દિનાર હતો તો મેં તેના ૧૦ દિરહમ કરાવા." મેં નબી સાહેબની હઝરતે મોહંમદીયહમાં ગયો અને અરઝ કીધી કે, **"યા નબીયલ્લાહ, મારા દિલમાં ૧૦ સવાલોં છે અને તેના જવાબથી આપ મારા દિલને શિફા બખ્શો."** આપ નબી સાહેબને એક પછી એક સવાલ કરતા, હર સવાલ પહેલા આપ એક દિરહમ હદીયતુસ્સલામનો પૈશ કરતા અને નબી સાહેબ તેના જવાબ ફરમાવતા. તે ૧૦ સવાલાત આ મુજબ છે :

૧) વફા શું છે? જવાબ : ખુદાતઆલાની તૌહીદ અને કલેમતુશશહાદત **"લા ઈલાહા ઈલ્લલ્લાહ"**.

૨) ફસાદ શું છે? જવાબ : ખુદાતઆલાના ફરમાનનો કુફ કરવો અને તેની ઝાતે ખુદાવંદીમાં બીજાને શરીક કરીને શિર્ક કરવો.

૩) હક્ક શું છે? જવાબ : ઈસ્લામ આવા બાદ આપ તરફનું ઈમાન છે અને કુરઆન આવા બાદ આપની વલાયત છે.

૪) હીલો શું છે? જવાબ : આપ દીન બાબત હીલો ન કરજો. હીલો કરવું તે ગયેલી ચીઝને પાછી હાસિલ કરવા વાસ્તે છે. તમામ ચીઝો આપ તરફ આવીને વલે છે, આપને તેના તરફ જાવાની ઝરૂરત નથી.

૫) મારા ઉપર શું વાજિબ છે? જવાબ : ખુદાની તાઅત અને એના રસૂલની તાઅત. આઁખની એક પલકાર બરાબર પણ આપ આનાથી અલગ નહીં થઈ શકો.

૬) ખુદાતઆલાને કઈ તરહ હું દોઆ કરૂં? જવાબ : સચ્ચાઈ અને યકીનના સાથે દોઆ કરો.

૭) હું ખુદાથી શું માંગું? જવાબ : ખુદાથી હર અમરમાં આફીયત માંગો.

૮) મારા નફ્સ-જાનની નજાત વાસ્તે હું શું કરૂં? જવાબ : હલાલ જમો અને સાચું બોલો.

૯) ખુશી શું છે? જવાબ : જન્નત મોટામાં મોટી ખુશી છે.

૧૦) રાહત શું છે? જવાબ : ખુદાતઆલાથી મુલાકાત અને એની હઝરતમાં કોઈ ગુનાહ બગૈર પૈશ થાવું.

આ ૧૦ સવાલાતના જવાબો રસૂલુલ્લાહ બાવાજીએ મૌ. અલીને ઈનાયત ફરમાવા અને દસે દસ દિરહમ નજવાના તૌર પર અતા કરી દીધા. મુમેનીન મુખ્લેસીન જે વક્ત દાઅવતે શરીફહમાં પધારે અને ઝાતી મુલાકાતના ઉમ્મીદવાર હોય તો પહેલા હદીયતુસ્સલામના તૌર પર સાહેબે દાઅવતને નજવા અરઝ કરે. ઘરેલુ ગુફતગૂ યા કોઈ ઝાતી મશ્વરા વાસ્તે મૌ. અલીના આ મખ્સૂસ અમલ પર ચાલીને દિલની તશફ્ફી કરે. **નજવા એક તરહની સુન્નત છે**, તેને ફરઝ કરવામાં આવું નથી, પણ તેની જગા પર નમાઝ, રોઝા અને વલાયતને ફરઝ કરવામાં આવું છે. તો જો અગર હિકમતની નઝરથી જોઈએ તો મુમેનીન જે નમાઝનો યા રોઝા રાખવાનો યા સાહેબે દાઅવતની વલાયત રાખવાનો અમલ કરે છે, તે એક તરહનો નજવા છે. ખુદાતઆલા ફરમાવે છે કે, "તમેં આમને આમ મારા રસૂલની મુલાકાત ન કરો પણ તમારી દૌલત માંથી તમારા હાથમાં કઈ લઈને જાવ જેથી તે તમારા માલમાં બરકતનો બાઈસ બને." ✯

(પેજ નં. ૯ નું બાકી)

મુમેનીન, મુખ્લેસીન! આપ મૌલાની મસ્નદે અલવીના માલિકો મુખ્તાર ઈમામુઝઝમાન (અ.સ.) અને આપના નાઈબ દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ની મોહબ્બત અને ઉલ્ફત હમારા વાસ્તે લાઅલો ગોહરથી કમ નથી. આ દાઅવતુલ હક્ક પર ઈમાનો યકીનનો ખઝાનો દુનિયાના આઅલા-તરીન ખઝાનાઓ કરતા પણ મુમ્તાઝ છે. ખુદાતઆલાનો શુક્ર છે કે, હમને તે ખઝાનાથી ફૈઝ ઉઠાવનાર કીધેલા છે. ✯

માઅરેફતનો કમાલ ખુદાતઆલાની કુદરત અને ફૈસલામાં માનવું છે.

૨૭ માં દાઇએ મુત્લક

સૈયદના બુરહાનુદ્દીન દાઉદજી બિન સૈ. કુતુબશાહ (ક.રૂ.) – કિસ્ત - ૨

૨૫ માં દાઈએ મુત્લક સૈ. ફખરૂદ્દીન જલાલ બિન સૈ. હસન (ક.રૂ.) ખુદાતઆલાના વલી, ઈમામુઝ્ઝમાન (અ.સ.) ના ઈલ્હામ અને તાઈદથી ફરમાવતા કે, મિન બાઅદી દાઉદાન, યાઅની મારા બાદ બે દાઉદ છે. જેમ ચહેરા પર બે આંખ હોય છે અને તેના સબબ હર ચીઝની હકીકતથી આશના થઈ શકાય છે, તેમ આ બે દાઉદ છે જેના સબબ મુમેનીન દાઅવતના હર ઈલ્મથી આશના થાશે. આપના ઈન્તેકાલ બાદ જે વક્ત ૨૬ માં દાઈએ મુત્લક સૈ. બુરહાનુદ્દીન દાઉદજી બિન અજબશાહ (ક.રૂ.) અર્શે દાઅવત પર જલ્વાગીર થયા તો આપના ફરમાને આલી પર સૈ. દાઉદજી ચાલા. લેહાઝા સૈ. દાઉદજી દાઅવતે હાદીયહના હર મુઆમેલામાં, ઝાહિર-બાતિનના હર ઉમૂરમાં આપ આપના હમનામ સૈ. દાઉદજી બિન કુતુબશાહ (ક.રૂ.) થી સલાહ-મશ્વરો કરતા. દાઅવતના નિઝામને મઝબૂત કરવા બેવે એકબીજાને યારી દેતા. **બેવે દાઉદ એકબીજાના દલીલ હતા, અદલો ઈન્સાફના કિન્દીલ હતા, હર ફઝલમાં એકબીજાના નઝીર હતા, એક તરાઝૂના બે પલ્લા હતા.** બેવે દાઉદ ગોયા કે એક હતા, ફરક એટલો હતો કે ઉંમરમાં એક નાના હતા તો એક મોટા હતા.

આપે દાઅવતે હક્કના કુલ હુદૂદે અકરમીન પર સૈ. દાઉદજી બિન કુતુબશાહને ફૌક કીધા, ઉપર ચઢાવા અને ઈઝનનો દરજો બખ્શો યાઅની માઝૂને મુત્લકના મન્સબ પર ફાઈઝ કીધા. દાઅવતના કુલ ઉમૂરની તવલ્લી, મુમેનીનની તરબીયત અને ગૈર મઝહબના લોગો સાથેના તઅલ્લુકાતની ઝિમ્મેદારી આપને સોંપવામાં આવી. દાઅવતના કિતાબોંના ખઝાના આપને હવાલે કરવામાં આવા. યાઅની કે, આપના મુઅય્યદ, મુરશિદ અને મુરબ્બી સૈ. દાઉદજી બિન અજબશાહની હયાતે પાકમાં જ આપે દાઅવતની તાઅલીમ, તરતીબ અને તન્ઝીમના મૈદાનમાં હર તરહના તજરૂબા કરી લીધા અને ખુદાતઆલાએ આપને હર મહાઝ અને હર મજાલમાં ફતેહયાબી ઈનાયત ફરમાવી.

જેમ સૈયેદુલ મુરસલીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) એ સૈયેદુલ વસીયીન અલીયુલ મુરતઝા (અ.સ.) પર ઘણા વક્ત ઝાહિરમાં કે બાતિનમાં નસ્સનો ઈઝહાર કીધો, એ જ શાન પર સૈ. દાઉદે અવ્વલે આપના મન્સૂસ સૈ. દાઉદે સાની પર બેશુમાર વક્ત મુખ્તલિફ મૌકાઓ પર નસ્સ ફરમાવી અને આપના ફઝાઈલ - બીજા સાહેબો પર આપની ફૌકીયત અને ઈલ્મીયતનો ઈઝહાર કીધો. સૈ. દાઉદે અવ્વલ ફરમાવતા કે, **"આ દાઉદ બિન કુતુબ મારા બાદ મારા જાંનશીન છે. મારા નાસિરો મુઈન છે. મારા હમ-મિસિલ છે, મારા કરીન છે."** આપે દોબારહ ૨૬ ૨.આખર ૯૯૭ હિ. ના દિન હુદૂદે અકરમીનને નઝદીક સૈ. દાઉદે સાની પર નસ્સ અને ઈતાઅતની તાકીદ ફરમાવી અને આપને હુદૂદની તરતીબ બતાવી અને બીજે દિન ૨૭ મી તારીખે સે. દાઉદજી બિન અજબશાહ આ દુનિયાએ દુનીથી ઈન્તેકાલ ફરમાવી ગયા. આપનું નૂર તે નૂરે હકીકીથી જઈ મિલું. આપના ગુસ્લો કફન, હુનૂતો જનાઝાની તૈયારી ૨૮ માં દાઈ સૈ. શૈખ આદમ સફીયુદ્દીન સાહેબે (ક.રૂ.) કીધી. બીબીપુરમાં શૈખા ઈસા મુંજાલના બાગમાં આપના જનાઝાની નમાઝ આપના મન્સૂસ ૨૭ માં દાઈ સૈ. દાઉદે સાની એ અદા ફરમાવી. યાઅની દાઉદે દાઉદને દફન કીધા. ✯

મુશ્કિલકુશા કે નામ સે....

આલમ હે ફૈઝયાબ સબ અલી કે ફૈઝે આમ સે,
ખુદા કી શાન હે અયાઁ ખુદાનુમા ઈમામ સે.
જાઁનશીને નબી ભી હે, વસી ભી હે, વઝીર ભી,
સાબિત હે સબ રિવાયતેં ઇતાબે ખાસો આમ સે.
દિલ મેં નહીં હુબ્બે અલી, બેઠાર સારી બંદગી,
હોગા ન ફાયદા કભી સલાત સે સિયામ સે.
અલ્લાહ રે શાને મુરતઝા ફિર્બ્સા જહાઁ કા બન ગયા,
કાઅબે કી શાન બઢ ગઈ વિલાદતે ઈમામ સે.
દાઈ હો યા ઈમામ હો, નબી હો યા કે હો વસી,
મોહતાજ સબ કી માઅરેફત હમારી અઝલે ખામ સે.
જો કુછ નુસૈરીને કહા કહેતા હું મૈં કે સચ કહા,
ખુદા હે ઈન્સે કબ જૂદા ઝાહિર હે ઈન્કે નામ સે.
વો ભી અલી, યે ભી અલી, દોનોં કી શાન હે જલી,
હોતી હે દૂર મુશ્કેલી મુશ્કિલકુશા કે નામ સે.
જંગે ઓહદ મેં, બદ્ર મેં, અહઝાબ મેં, તબૂક મેં,
દુશ્મન ન કોઈ બચ સકા કર્રાર કી હુસામ સે.
કોઈ લિખેગા ક્યા ભલા રોશન હે ઈન્કા મરતબા,
ઇતાબે ક્રિરદિગાર સે રસૂલ કે કલામ સે.
તાઈદ હે ઈમામ કી દાઈએ હક્ક સે મુત્તસિલ,
સમઝો ન તુમ જૂદા કભી દોઆત કો ઈમામ સે.
ઝુલ્મો સિતમ સે મત ડરો ઝાલિમ કા ખૌફ મત કરો,
સચ્ચાઈ કા સબક લો તુમ હુસૈને તિશ્નાકામ સે.
તાઅરીફ સે ગરઝ નહીં, તૌસીફ કા મરઝ નહીં,
ઝાહિર હે મેરી શાએરી અઝહર મેરે કલામ સે. ✯

નઝરનો કમાલ વાલેદૈનના ચહેરાને જોવું છે.

ફાયદામંદ ગિઝા – મચ્છી

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, સૂવરના ગોશ્તને, ખૂનને અને મુરદાર જાનવરને તમારા પર હરામ કરવામાં આવું છે. અલ્લાહ અને અલ્લાહના વલીના નામ પર જહાઁ તક કોઈ જાનવર ઝબેહ કરવામાં આવતું નથી વહાઁ તક તેનો ગોશ્ત જમવો હલાલ થાતો નથી. આ કાનૂન ને માતહત મચ્છી પણ આવી જાય છે. **મચ્છીની ઝબીહત તેને ઝમીન પર પટકીને હલાલ કરવામાં છે.** અલ્લાહના નામ સિવાય કોઈ પણ બીજા તરીકાથી જાનવરને મારીને તેનો ગોશ્ત જમવો હરામ છે અને તે નુકસાનદેહ અસરાત જિસ્મમાં પૈદા કરે છે અને તબીઅતો ખયાલાતમાં ફસાદ નાંખે છે. જે કોઈ મુમિન બહેતર તરીકાથી અને પોતાના હાઝમાની તાકત મુજબ ઝબીહતના જાનવરનો ગોશ્ત જમે છે તો અલ્લાહતઆલા તેની કુદરતથી મુમિનના આઅમાલો વહેવારમાં ઈન્સાફ અને પાકીઝગી પૈદા કરે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"તમેં તમારા ખોરાકમાં મચ્છીને હમેશા જમો. કેમ કે, તે તમારા બદનને ખિલાવી દે છે."** મુમેનીન પર લાઝિમ છે કે, ઝિંદા મચ્છી ખરીદે, પછી યા તો ખુદ ઝબેહ કરે યા ઝબીહત કરાવે અને તેના નઝદીક અલ્લાહનું નામ લે, તે બાદ તેને બરાબર સાફ કરીને જમે. **ભીંગડાવાલી જ મચ્છી ને જમવાની ઇજાઝત આવેલી છે.** મરેલી મચ્છી જમવાથી નુકસાન ઝિયાદહ છે અને તે શરીઅતમા જમવાના કાનૂનને ખિલાફનો અમલ છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) જે વક્ત મચ્છી જમતા તો આપ આ દોઆ પઢતા હતા કે, "અય પરવરદિગાર ! તું હમારા વાસ્તે આ તારી નેઅમતમાં બરકત બોલજે અને તું હમને તેનો ખૈર બદલો અતા કરજે." આપે હિદાયત આપેલી છે કે, "મચ્છી જમા બાદ તમેં તાઝા ખજૂર જમજો કેમકે જો તેના જમવાથી તમારા પેટમાં કોઈ તકલીફ ઊભી થાવાની હોય તો ખજૂર તેને દૂર કરી દે છે." **બિલાશક ! અલ્લાહની હર નેઅમતની તાસીર અલગ છે** અને એક ચીઝનું સહી વક્ત પર જમવું બીજી ચીઝની તકલીફોને દૂર કરી નાંખે છે. કુદરતે ઈલાહીમાં તમામ ચીઝો એની જગા પર બરાબર છે અને જો તેને શરીઅતનાં દાએરામાં રાખીને સહી તરીકાથી, સહી મિકદારમાં, સહી જગા પર, સહી વક્ત પર જમવામાં આવે તો મુમિન વાસ્તે તેમાં ખૈર જ ખૈર છે.

"અલ્લાહુમ્મા કમા અત્અમતનીહે ફી આફેયતિન ફઅખરિજહો મિન્ની બે-આફેયતિન." ✯

તસ્લીમ લો

પયગમ્બરે કૌનો મકાઁ તસ્લીમ લો તસ્લીમ લો,
અય સરવરે અહલે જહાઁ તસ્લીમ લો તસ્લીમ લો.

અય હાફિમે હર ઈન્સો જાઁ, તુમ પર હે સિર્રે હક્ક અયાઁ,
સાની તુમ્હારા હે કહાઁ, તસ્લીમ લો તસ્લીમ લો.

અય ઝીનતે અર્શે ઓલા, અય ફર્શે ઝૈબે બાસફા,
અય રહેબરે ખાલ્કે ખુદા, તસ્લીમ લો તસ્લીમ લો.

હસનૈન કે ઝીશાઁ પિદર, ઈમરાન કે આલી પિસર,
શૈરે ખુદાએ બહરો બર, તસ્લીમ લો તસ્લીમ લો.

તુમ દીનો દુનિયા કે શરફ, બિન્તે અસદ કે હો ખલફ,
હો માલિકે શહરે નજફ, તસ્લીમ લો તસ્લીમ લો.

અય ફખરે નિસ્વાને જહાઁ, બિન્તે નબીયે ઈન્સો જાઁ,
સરદારે હૂરાને જિનાઁ, તસ્લીમ લો તસ્લીમ લો.

મસ્મૂમ શાહે બા-કરમ અય હાફિમે અરબો અજમ,
હઝરત હસન ગરદૂને ચરમ, તસ્લીમ લો તસ્લીમ લો.

તુમ હો કતીલે બેનવા, તુમ હામિલે જૌરો જફા,
તિશ્ના દહાને કરબલા, તસ્લીમ લો તસ્લીમ લો.

અય ખામિસે આલે અબા, આબ્દાને કી તુમ પર જફા,
મહેમાઁ બુલાકે દી દગા, તસ્લીમ લો તસ્લીમ લો.

અય સરવરે પીરો જવાઁ, તુમ હો શફીએ મુમેના,
અય તૈયેબે શાહે ઝમાઁ, તસ્લીમ લો તસ્લીમ લો.

તુમ સાહેબે એજાઝ હો, તુમ શાહે સરઅફરાઝ હો,
હર ફઝલ મેં મુમ્તાઝ હો, તસ્લીમ લો તસ્લીમ લો.

ઈસ વક્ત કે સરદારે દીં, દિખલાવો અબ રૂએ મુબીં,
હે ઈલ્તેમાસે મુમેનીં, તસ્લીમ લો તસ્લીમ લો.

અય દાઈએ રબ્બે ઓલા, તૈયેબ ઝિયા શાહે હોદા,
અરઝે સમન્દર હે સદા, તસ્લીમ લો તસ્લીમ લો.

ગુલઝારે દીં કે ફૂલ હો, ઉમ્રે શહે દીં તૂલ હો,
બસ યે દોઆ મકબૂલ હો, તસ્લીમ લો તસ્લીમ લો. ✯

ઈબાદતનો કમાલ દુનિયાની રાહતને મુકવું છે.

૭ ઝાતના લોગો

ખુદાતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "કદ ખલક્કુમ અત્વારન", યાઅની ખાલિકે અકબરે તમને ઘણા હાલાતમાં પૈદા કીધા છે. ઈલ્મથી, સોહબતથી, ખાનદાની હસબ-નસબથી, ઝમીનથી, આબો હવાથી ઈન્સાનના નફ્સાની, અક્લી-ઝહેની, સમાજી, ઈઝદેવાજી અને જિસ્માની હાલાત તબ્દીલ થાય છે. મૌસમના મિઝાજમાં બદલાવના સાથે ઝમીન અને તેના પર રહેનાર લોગોના મિઝાજ-તબીઅતમાં ફેરફાર વાકેઅ થાય છે. હર ઝમીનની તાસીર અલગ-અલગ છે. ખુદાતઆલાએ તેની કુદરત અને તખ્લીકની કરામત એવી રાખી છે કે, આ દુનિયાની ઝમીનને ૭ અહમ હિસ્સામાં તક્સીમ કરી દીધી છે. તેમાં હિંદ-સિંદ-યમનની ઝમીન મુમેનીન વાસ્તે બા-બરકત છે અને તે દાઅવતુલ હક્કની ઝમીન છે.

ઝમીન જેમ ૭ હિસ્સામાં-ઈક્લીમમાં વહેચાયેલી છે, તેમ લોગો પણ ૭ તબકામાં તક્સીમ થયેલા છે :

૧) કારીગર અને હુનરમંદ, જે પોતાની હુશિયારીનો એ મુજબ ઈઝહાર કરતા હોય જે કોઈ બીજું ન કરી શક્તું હોય.

૨) વેપારી અને તિજારતમંદ, જે લેવડ-દેવડમાં માહિર હોય અને મુખ્તલિફ ચીઝોને એક જગેથી બીજી જગે કરી શક્તા હોય.

૩) મિલકતવાલા અને જાગીરદાર, જેના હાથમાં મોટી-મોટી ઝમીનો હોય અને બીજાને તેમાં કામ કરવાનો અવસર આપતા હોય.

૪) બાદશાહ, રઈસ, સિપેહસાલાર, જેના હાથ નીચે સેંકડો લોગો હોય અને તેઓની મિલકીયતમાં લોગો વસેલા હોય. ઈન્સાફ અને રહેમદિલીથી લોગોની હિફાઝત કરતા હોય.

૫) ખિદમત કરનાર અને નોકરી કરનાર, જે કોઈના તાબેઅ રહીને મુઆવેઝો લઈને પોતાનો ગુઝર-બસર કરતા હોય.

૬) બીમારીમાં ગિરફ્તાર જિસ્માની તૌરથી લાગિર, જેનાથી કોઈ મહેનત-મઝદૂરીના કામ કરવાની ઉમ્મીદ ન થઈ શકતી હોય. જેનો દારો-મદાર બીજા પર હોય અને બીજાના સહારે જેની ઝિંદગી ચાલતી હોય.

૭) આલિમ અને દીનદાર, જે સઘલા શરીઅતની ખિદમત કરતા હોય અને દીનદારીથી લોગોની ઝિંદગી સુધારતા હોય.

આ સાતે કિસ્મના લોગો માંથી જેની આદતો, તબીઅતો, અખ્લાક અને ખસલતોં આઅલા અને પાક છે તે દીનદાર લોગોની છે, શું કામ કેમકે તેઓ ખુદાતઆલાથી ઘણા કરીબ છે કે તેઓ લોગોને ખુદાના દીનથી કરીબ કરે છે. ✯

(પેજ નં. ૧૧ નું બાકી)

સાઈકલ તો સારી છે પણ તેની ચાલ થમી ગઈ છે. **જહાઁ તક ચકીન બરાબર નહીં થાય વહાઁ તક ઈબાદત કામ નહીં કરે.**

નાનું કાનું છે, કોઈ ફિકરની વાત નથી. કેટલી નાની ચીઝ છે. પણ હકીકત તો એ છે કે, હવા તો નિકલી જ ગઈ છે. પૂરી મહેનત ને પૂરી તૈયારી ને પૂરો સબર ને પૂરો જોશ નાકામ ગયો. સાઈકલની બ્રેક ને તેના હેન્ડલ ને તેની સાંકલ ને તેની સીટ આમને આમ પડેલા છે, કેમકે, પાછલા પૈડામાં હવા નથી.

મનની મક્કમતા, યકીન અને નિય્યત નાઝુક ચીઝ છે. સહેજ કોઈ વાત ખૂટે કે તરત તે તૂટી પડે છે. કેમકે એક જ બારી થોડી ખુલ્લી રહી જાય કે તેમાંથી પરિંદું ઉડી જાય છે. ને તમામ મહેનત માથે પડે. મન જો બીમાર હોય, બેકરાર હોય, ગભરાયેલું હોય..... તો લાખ કોશિશને બાવુજૂદ એ ખુદાની બંદગી પર મરકઝ નહી બનાવી શકે.

તે કાનું શેનું છે? દેખાતું નથી તે સબબ ડોલના પાનીમાં તપાસ કરવી પડે. ટયૂબમાં હવા ભરો પછી પાનીમાં ડુબાવો. હવાનો પરપોટો આવવા દો. કઈ જગે સુરાગ છે ખબર પડી જાશે. લાલચ હતી, હિરસ હતી, ઘમંડ હતો, ખોટું અનુમાન હતું. મનની કમઝોરી પાછલ કોઈ બીમારી તો હતી જ, વહેવારમાં ખોટ હતી, કોઈને કોઈ સબબથી ખોટું લગાવેલું હતું. કોઈ પર સિતમ કીધો હતો, ખોટી વાત કીધી હતી, ખોટી ખ્વાહિશ રાખી હતી. કંઈક તો હતું જ. ઝિંદગીના રસ્તા પર અમલ અને ઈબાદતની સાઈકલ ચલાવતાં ક્યાંક એક ઝીણી ખીલી આવી જાય, ટાંકણી આવી જાય અને નિય્યતો યકીનના પૈડામાં પેસી જાય..... પછી અપને કહીએ કે સાઈકલ ચાલતી નથી, મહેનત ફલતી નથી, ઈબાદતનો અમલ અસર કરતા નથી.....

પછી ઝિંદગી તો અમલ અને ઈબાદત કરવાનું જ નામ છે.

તેને બરાબર કરવા વાસ્તે મનનું થોડું સમારકામ તો કરવું પડશે. ✯

નફ્સનો કમાલ ઈતાઅતની શિદ્દતને બરદાશ્ત કરવું છે.

હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) ફરમાવે છે કે,

✳ દુનિયાની તમામ ચીઝોં તમારા હાથ માંથી ચાલી જાય તો ગમ ન કરજો, પણ અય મુમેનીન! તમારા હાથ માંથી તમારું ઈમાન અને અકીદો ન જાવો જોઈએ.

✳ મુમેનીન! તમેં દુનિયાના કોઈપણ કોના પર જાવ, તમેં તમારી પહેચાન, શનાખ્ત અને અલવીયતને કાઈમ રાખજો, બરકરાર રાખજો.

✳ મુમેનીન! દુનિયામાં મઆશ વાસ્તે, ઝિંદગી બસર કરવા વાસ્તે તમેં કોઈપણ મઝહબના લોગો સાથે રિશ્તો રાખો પણ દીનનો રિશ્તો ન રાખજો.

✳ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, સખી શખ્સને અલ્લાહ ખૂબ ચાહે છે પણ બખીલ શખ્સથી અલ્લાહ નારાઝ રહે છે. તો, મુમેનીન! તમેં સખાવત કરા કરજો.

✳ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર મૌલાના અલી (અ.સ.) વાસ્તે જહાઁ તક વલાયતનો રુકન ન આવો, વહાઁ તક દીને ઈસ્લામ કામિલ ન થયું. વલાયતની ફરીઝત શરીઅતના બીજા તમામ અહકામ કરતા અહમ છે, અને આ જ મુમેનીન વાસ્તે આખેરતની કામિયાબી છે. ✯

મીલાદે હુસૈની

મુબારકબાદ મેરે દૂસરે ઔર તીસરે ઈમામ,
અમ્નો અમાન રખના યે મિલ્લત મેં તુમ મુદામ,
સદકે મેં પંજતન કે દોઆ કર રહેં હૈં હમ,
મહેશર મેં જન્નતી બને સબકો મિલે ઈનઆમ.
લખ્તે દિલે અલી કે, મોહંમદ કી જાઁ હુસૈન,
દીને ખુદાએ પાક કી રહે રવાઁ હુસૈન,
દે કર બહિશ્ત સુર્ખ રુ કરના તમામ કો,
લિખતા હૂં ખૂને દિલસે તેરી દાસ્તાં હુસૈન. ✯

કસીદહ યૂસુફીયહ

નૂરુદ્દીં મૌલા કી ઉલ્ફત જબ હમારે સાથ હે,
દો જહાં કી બેબહા દૌલત હમારે સાથ હે.
રખ દિયા હે અપના સર ચૌખટ પે તેરી સોચકર,
હમ મુરાદેં પાયેંગે તકદીર કી ગર બાત હે.
પાક દાઅવત કો રખા સતરા બરસ કે દૌર મેં,
તુરબતે અકદસ પે જિનકી નૂર કી બરસાત હે.
આસ્માં પર મેહવે હૈરા હે મલક યે દેખકર,
કાશ હમ ભી ફૈઝ પાતે નૂરાની લમહાત હે.
હે અકીદત દિલ મેં તો હાથોં મેં ગુલદસ્તે લિયે,
કેહનેવાલે જો કહેં, જઝબાત કી યે બાત હે.
પાયા હે તૈયેબ ઝિયાને ઈલ્મે દીં મેં વો કમાલ,
ફખ્રુદ્દીં-બદ્રુલ હોદા કી માનો યે સૌગાત હે.
આફતો રંજો મુસીબત સે સદા મહેફૂઝ રખ,
યે દોઆ અલવી કી હરદમ કાઝિયુલ હાજાત હે. ✯

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખ્રુદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાઝેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★